
# ઊંઝા તાલુકાના ટુંડાવ ગામે બરફીલા બાબાના દર્શન કરવા શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

ઊંઝા, તા. ૮

ઉંઝા તાલુકાના ટુંડાવ ગામની સીમમાં આવેલ કામેશ્વર મહાદેવ શ્રધ્ધાળુઓની આસ્થાનું -તિક છે. કામેશ્વર મહાદેવમાં શ્રાવણ માસમાં દરરોજ બીલીપત્ર ચડાવવામાં આવે છે.



કામેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં પટેલ મોહનભાઇ મગનભાઇ પરિવારના સૌજન્યથી બરફના શિવલીંગ બનાવવામાં આવ્યા હતા. બિલીપત્ર પૂજા અને લઘુરૂદ્ર હવનનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રધ્ધાળુઓને ભોજન -સાદ આપવામાં આવ્યો હતો. આજુબાજુ ગામના મોટી સ ંખ્યામાં શ્રધ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. બરફીલા બાબાના દર્શન કરી અમરનાથની યાત્રા કરી હોય તેવો અહેસાસ થયો હતો.

કામેશ્વર મહાદેવમાં દર વર્ષે જન્માષ્ટમીના દિવસે મોટો મેળો ભરાય છે. શ્રાવણ મહિના દર સોમવારે ભાવિકોની ભીડ જોવા મળે છે.

લોકવાયકા -માણે પાંડવોએ વટેશ્વર ખાતે રોકાણ સમયે કામેશ્વર મહાદેવના દર્શન કર્યા હતા. વર્ષો પહેલાં ટુંડાવ ગામની સીમમાં તળાવનું ખોદકામ કરતાં પથ્થર જડીત શિવલીંગ મળેલ. ગામના મુખીઓ અને પુજારીએ પથ્થર જડીત શિવલીંગ જમીન બહાર ન નીકળતાં પથ્થરને તોડીને શિવલીંગ બહાર લાવી પુજા કરવામાં આવેલ. મહાદેવ કોપાયમાન થતાં પુજારી ગાંડા થઇ ગયા અને સામેલ તમામ મુખીઓને શારીરિક તકલીફો ઉભી થઇ. ગામમાં આફતો આવવા માંડી.

વડવાઓના કહેવા મુજબ સિધ્ધપુર ખાતે પધારેલ શંકરાચાર્યને ગામમાં પધારી ગામની આફતને દુર કરવા આમંત્રણ આપ્યું. શંકરાચાર્યને વાજતે ગાજતે ચાદર પાથરી કામેશ્વર મહાદેવના દર્શને લઇ જવામાં આવ્યા. શંકરાચાર્યના આશીર્વાદથી કાશીના બ્રાહ્મણ પાસે વિધિ કરાવતાં ગામની સુખ સમૃધ્ધિમાં વધારો થયો. સન ૧૯૫૨માં ગામ પર તીડનું જબજસ્ત આક્રમણ થયેલ. જેનાથી ખેડૂતો પાયમાલ થવાના હતા. પરંતુ ગામ લોકો ભેગા થઇ કામેશ્વર મહાદેવમાં શ્રધ્ધા રાખી ઉજાણી કરવાની માનતા માની. કામેશ્વર મહાદેવની કૃપાથી તીડનું ટોળું જતું રહયું. અને ખેડૂતો પાયમાલ થતાં બચી ગયા.

કામેશ્વર યુવક મંડળ દ્વારા શ્રધ્ધાળુઓ માટે તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. તળાવને કિનારે રમણીય સ્થળ બનાવવામાં આવ્યું છે. કામેશ્વર મહાદેવ સુધી પાકો રોડ બનાવવામાં આવેલ છે.

# ઘોરવાડામાં ઝેરી પદાર્થ ખાતા સાત શ્વાનના મોત

હિંમતનગર, તા.૮

હિંમતનગર તાલુકાના ઘોરવાડા ગામે છેલ્લા કેટલાક સમયથી સીમાડામાં આવી ચઢેલા અનેક ભૂંડોને કારણે ખેડૂતોના પાકનો સોથ વળી ગયો છે. જેથી બિચારા ખેડૂતો તેમના પાક પર દવાનો છંટકાવ કરે છે. દરમિયાન તાજેતરમાં ઝેરી પદાર્થ ખાવાથી ગામમાં રહેતા સાત શ્વાનના અચાનક મોત થયા હતા. જેથી ગ્રામજનો દ્વારા તેમની સન્માન સાથે દફનવિધિ કરાઈ હતી. મૃત પામેલામાં એક તાજી વિવાયેલ શ્વાન (માદા)નું પણ મોત નિપજયું હતું.

આ અંગે ઘોરવાડા ગામના યુવા વિકાસ સમાજ સેવા ટ્રસ્ટના પ્રમુખ રાહુલભાઈ ચાવડાના જણાવ્યા અનુસાર ઘોરવાડા ગામની ફરતે ડુંગર આવેલો હોવાથી વગડાઉ પ્રાણીઓ વધુ રહે છે. બીજી તરફ છેલ્લા કેટલાક સમયથી અનેક ભૂંડોએ આવીને મગફળીના પાકનો સોથ વાળવાનું શરુ કરી દીધું છે જેના કારણે ખેડૂતોએ પાકને બચાવવા માટે રાસાયણિક ખાતર સાથે જંતુનાશક દવાનો ઉપયોગ શરુ કર્યો છે. દરમિયાન ગામના શ્વાન જયારે પણ ભૂંડને જુએ તો તરત જ તેમની પાછળ દોડી જાય છે. દરમિયાન સીમમાં ગયેલા અંદાજે સાત શ્વાનના ઝેરી પદાર્થ ખાવાથી તાજેતરમાં મોત નિપજયા હતા. એકી સાથે સાત શ્વાનના મોત થતાં ગામમાં રોગચાળો ન ફેલાય તે માટે તેમના શબ ગામથી દૂર લઈ જઈ સન્માન સાથે દફનવિધિ કરવામાં આવી હતી.



વાહનોની ટક્કરથી પ્રેક્ષા ભારતી બસ સ્ટેન્ડ બિસ્માર બની ગયું છે તાપ-તડકાથી બચવા માટે મુસાફરો જેમાં આશરો લે છે તે બસ સ્ટેન્ડ ગમે ત્યારે જમીનદોસ્ત થઈ શકે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# કિશનગઢમાં પશુઓને નિરોગી રાખવા ચૂંદડી મહોત્સવ યોજાયો

હિંમતનગર, તા.૮

ભિલોડા તાલુકાના કિશનગઢમાં ભાદરવા મહિનાના પ્રથમ રવિવારે ૯૦૦ વર્ષ પુરાણા ચામુંડા માતાજી મંદિરે ચૂંદડી મહોત્સવ યોજાતા હૈયે હૈયું ભીડાય તેટલી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટયા હતા. જયારે પશુધન રોગમુકત રહે તે માટે ભારે આસ્થા સાથે આ મહોત્સવ ઉજવાતો હોય છે. અને પશુપાલકોએ પણ માતાજીના ચૂંદડી મહોત્સવમાં યથાશકિત યોગદાન અપાય છે. જેના ભાગરૂપે રવિવારે ચૂંદડી મહોત્સવ યોજાયો હતો.

આ અંગેની વિગત આપતા કિશનગઢ ચામુંડા માતાજીના માઈબાળ જયંતાનંદજી મહારાજે જણાવ્યું હતું કે જગ વિખ્યાત માં અંબાના ધામ અંબાજીમાં જેટલી પ્રજાને શ્રધ્ધા રહેલી છે. તેટલી જ શ્રધ્ધા ભિલોડા તાલુકાના કિશનગઢના ચામુંડા માતાજી પ્રત્યે શ્રધ્ધાળુઓને રહેલી છે દર રવિવારે દૂરદૂરથી અસંખ્ય શ્રધ્ધાળુઓ ચામુંડા માતાજીના મંદિરે દર્શન કરવા ઉમટે છે. જયારે કિશનગઢના ૯૦૦ વર્ષ પુરાણા ચામુંડા મંદિરમાં છેલ્લા ૨૫ વર્ષથી મંદિરમાં ચૂંદડી મહોત્સવ યોજાય છે અને ચૂંદડી મહોત્સવ પછી આ વિસ્તારમાં ખેતી, ધંધા, રોજગાર ક્ષેત્રે પ્રગતિ તેમજ પશુઓ નિરોગી રહે તે માટે પશુદીઠ યથાશકિત ફાળો આપી પૂનમના દિવસે માતાજીને થાળ ધરાવી પશુઓ રોગથી મુકત રહે તે માટે પ્રાર્થના કરે છે.

# ચિલોડા મોટા ગામે ભાદરવા માસ નિમિત્તે અણુંજાનો મહિમા પાળ્યો

ચિલોડા, તા.૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતે દર વર્ષની પરંપરા મુજબ ભાદરવી સુદથી ખેડૂતો તથા પશુપાલકો દ્વારા પોતાના મહામુલા અબોલ પશુઓના રક્ષણ અર્થે દેવ દેવીઓની અસીમ કૃપા રહે તેવી શ્રધ્ધા અને વિશ્વાસના પ્રતિક સમા એક દિવસીય અણુંજા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અણુંજાની ઉજવણીમાં પશુપાલકો પોતાનું બે ટંકનું દૂધ ડેરીમાં નહીં ભરતા ગામના ગરીબ પરિવારો વહેલી સવારે અને સાંજે ઘરે ઘરે ઘૂમી નાગરિકોને પીરસે છે. આ દિવસે પર્વનિમિતે છાણ, વાસીદું, વલોણુંસદંતર બંધ રાખવામાં આવ્યું હતું. જયારે ગ્રામજનો બહારગામ જતાં હોય તેવા વ્યકિતઓ સાંજે પોતાની ઘરે પરત આવવાનું હોય છે રાત્રિ રોકાણ કરી શકાય નહીં તેવી અનેક માન્યતા પ્રવર્તી રહી છે. આ ઉપરાંત ભાવિક ભકતજનો દ્વારા સાંજે ગામના દેવ દેવીઓના મંદિરોએ દીવો અગરબત્તી કરી દર્શનનો લ્હાવો લીધો હતો. ત્યારે સાંજે અણુંજા નિમિત્તે માતાજીની ઉજાણી કરી પર્વનો મહિમા અને વધાવી લેવામાં આવે છે.



ડીસાના કુંભારવાસમાં રહેતા ભારતીબેન પ્રજાપતિ છેલ્લા પંદર વર્ષથી વિવિધ મૂર્તિઓ બનાવી પર્યાવરણને બચાવી રહ્યા છે. સાથે સાથે ભાવિક ભક્તોને કુદરતી માટીમાંથી નિર્માણ કરાતી મૂર્તિઓ જ લાવવાનો આગ્રહ કરાયો છે. જો કે આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણ બચાવવાના અભિગમને લઈને ઠેર ઠેર ઈકોફ્રેન્ડલી ગણપતિ દાદાની મૂર્તિઓ જોવા મળી રહી છે. આજથી શરૂ થતાં ગણપતિ મહોત્સવને લઈને ભાવિક ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાથે સાથે ખેલૈયાઓ પણ ગરબે ઘુમવા આતુર બની ગયા છે. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# ઝાબચિતરીયામાં ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી

હિંમતનગર, તા.૮

શામળાજી નજીક આવેલા ઝાબચિતરીયા ગામે એક ગૃહસ્થે રવિવારે અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈને મોતને વ્હાલું કરી દીધું હતું. જે અંગે શામળાજી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ઝાબચિતરીયા ગામે રહેતા જયંતિભાઈ મોતીભાઈ મોઢ પટેલ (ઉ.વ.૪૭) રવિવારે પોતાની કરિયાણાની દુકાનમાં અગમ્ય કારણોસર પોતાની જાતે રસ્સીથી ગળે ફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયું હતું. જે અંગે મૃતકના વડીલ બંધુ થાવરચંદ મોતીભાઈ મોઢ પટેલને થતાં તેમણે શામળાજી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પી.એસ.આઈ. એમ.ડી. ચંદ્રાવાડીયાએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગળની તપાસ હાથ ધરી છે.

## ઈડરમાંથી બાઈક ચોરાતા ફરિયાદ

વડાલીના એક ઈસમનું તાજેતરમાં ઈડર ખાતેથી બાઈક ચોરાતા તે અંગેની ફરિયાદ શનિવારે ઈડર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.

વડાલીના બાબરભાઈ મેવાભાઈ રબારી તા. ૩૧ ઓગષ્ટના રોજ કામ અર્થે બાઈક નંબર જીજે ૯ એ. કયુ. ૯૮૫ લઈને ઈડર આવ્યા હતા. દરમિયાન તેમણે પોતાનું બાઈક બસ સ્ટેન્ડ સામે મૂકીને કામે ગયા હતા. ત્યારબાદ પરત ફરતા બાઈક મળ્યું ન હતું. જેથી તે અંગે તપાસ કરતા કોઈ પત્તો મળ્યો નહતો.

# ખેડબ્રહ્માના પરોયા પાસેથી વિદેશી દારુ સાથે એક શખ્સ ઝડપાયો

ખેડબ્રહ્મા, તા.૮

ખેડબ્રહ્માના પોયા ગામ પાસેથી પોલીસના પેટ્રોલીંગ દરમિયાન એક મારૂતિવાનમાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૧૨ સહિત રૂ. ૯૪૩૦૦ના મુદ્દામાલ સાથે એક શખ્સને ઝડપી પાડી જેલને હવાલે કરી દીધો હતો.

ખેડબ્રહ્મા પોલીસ પી.એસ.આઈ. ડી.ડી. ચાવડા તેમજ સ્ટાફ સાથે શનિવારે રાત્રે ખેડબ્રહ્માથી પરોયા રોડ ઉપર પેટ્રોલીંગમાં હતા ત્યારે પરોયા ત્રણ રસ્તા પાસે સોથી આવતા મારૂતિ વાનને ઉભી રખાવી તપાસ કરતાં વિદેશી દારૂની બોટલ નંગ-૧૧૨ મળી આવી હતી. મારુતિવાન નંબર જી.જે.૧ એચ.કયુ ૫૪૪૮ના ચાલક વિપુલભાઈ અમૃતભાઈ પટેલે વિસનગર પાસેથી વિદેશી દારુ તથા બીયર રૂ. ૪૩૬૦૦ની કિંમતની બોટલ ૧૧૨ મારૂતિવાન રૂ. ૫૦૦૦૦ સેમસંગ મોબાઈલ રૂ.૧ ૫૦૦ તથા રોકડા રૂ. ૨૦૦ મળી કુલ રૂ. ૯૪૩૦૦નો મુદ્દામાલ કબજે લઈ વાહન ચાલકની ધરપકડ કરી જેલને હવાલે કરી દીધો હતો. આ અંગે પો.કો. સુખદેવભાઈ શંભુદાન ગઢવીએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. ડી.ડી.ચાવડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ભિલોડામાં બેંક ઓફ ઈન્ડીયાના ૧૦૮ના જન્મદિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા

ભિલોડા, તા.૭

ભિલોડામાં બેંક ઓફ ઈન્ડીયાના ૧૦૮ મા જન્મદિન નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજાયા.ભિલોડા બેંક ઓફ ઈન્ડીયા શાખાના મેનેજર હરીમોહનના જણાવ્યા મુજબ વિકસત પ્રોજેક્ટ તથા નાબાર્ડ સહયોગથી સેલ્ફ હેલ્થ ગ્રૃપ, કે.સી.સી., જી.સી.સી., લોન વિતરણ,વિદ્યાર્થી બાળકોને પ્રોત્સાહન કરવાનો કાર્યક્રમ શ્રી વૈજનાથ મહાદેવ મંદીર હોલમાં તા.૭/૯/૨૦૧૩ ને શનીવારના રોજ યોજાયો. બેંક ઓફ ઈન્ડીયા ગાંધીનગર ઝોનલ ઓફીસરના ચીફ મેનેજર એમ.પી.યાદવ, સીનીયર મેનેજર દીપક રાવલ, નાબાર્ડ જીલ્લા મેનેજર ભરતભાઈ પટેલ, વિસત પ્રોગ્રામ કો.ઓ.અંકુર બરંડા, મીશન મંગલમ્ વિભાગના પલ્લવીબેન પટેલ,



કે.જે.વિહોલ કિશાન વિકાસ કેન્દ્ર ખેડબ્રહ્મા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેંક ઓફ ઈન્ડીયાના ૧૦૮ મા જન્મ દિન નિમિત્તે અગ્રણીઓએ પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યું હતું કે બેંક ઓફ ઈન્ડીયાની સેવાકીય માહિતી આપી હતી.બેંક ઓફ ઈન્ડીયાની યોજનાઓનો લાભ લેવા ગ્રાહકોને હાકલ કરાઈ હતી.નાબાર્ડની યોજનાઓનો લાભ લેવા ગ્રાહકોને વિનંતી કરાઈ હતી. ભિલોડા બેંક ઓફ ઈન્ડીયા ધ્વારા ૪૧ ખાતાઓમાં ૫૧.૩૩ લાખના ચેકોનું વિતરણ કરાયું હતું. મહિલા એસ.એચ.જી. ૨૦ ચેકો અર્પણ કરાયા હતા.કે.સી.સી.ના ૧૩ ખાતામાં ૩૩.૮૩ લાખ સહિત વિવિધ પ્રકારની લોનના ચેકો ગ્રાહકોને અર્પણ કરાયા હતા.



# જામનગરમાં માતાએ પુત્ર સાથે કુવામાં ઝંપલાવી દીધુ

અમદાવાદ,તા. ૮

જામનગરના જોધપુરના નરમાણા ગામમાં ૨૨ વર્ષીય યુવતીએ તેના૯ માસના પુત્ર સાથે કુવામાં ઝંપલાવતા ગામમાં ચકચાર મચી જવા પામી છે. કુવામાંથી બંનેના મૃતદેહો મળી આવ્યા હતા. પોલીસ અધિકારીએ બનાવનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, ગત મોડી રાત્રે જામનગરના જોધપુરના નરમાણા ગામમાં રહેતા ૨૨ વર્ષીય ગીતાબેને ગામમાં આવેલ પટેલ સમાજની બાજુવાળા પડતર કુવામાં પહેલા પોતાના ૯ વર્ષીય પુત્રને કુવામાં નાંખી પોતે પણ કુવામાં ઝંપલાવ્યું હતુ. બનાવ બાદ પોલીસ અધિકારીએ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. તપાસમાં આત્મહત્યા પાછળનું યોગ્ય કારણ જાણી શકાયુ નથી. ગીતાબેનના લગ્ન બાબુભાઈ સાથે થયા હતા. તેમજ બાબુભઆઈ સાથેના તેમના આ બીજા લગ્ન હતા. ગીતાબેનના અગાઉ પણ લગ્ન થયા હતા. પરંતુ લગ્નના થોડા સમય બાદ છુટાછેડા થઈ ગયા હતા. છેલ્લા ઘણા સમયથી આર્થિક સહિત જુદા જુદા કારણોસર આત્મહત્યાના બનાવોમાં વધારો થી રહ્યો છે. આને લઈને પણ તંત્ર દ્વારા અભ્યાસોની પ્રક્રિયા હાથ ધરવામાંઆવી છે.

# પ્રભારી સચિવોની કામગીરીના મોનીટરીંગ માટે સોફ્ટવેર વિકસાવવા વિચારણા

ગાંધીનગર, તા.૮

જિલ્લા પ્રભારી સચિવોની કામગીરીનું મોનીટરીંગ કરી શકાય તેવું સોફ્ટવેર વિકસાવવાની સક્રિય વિચારણા રાજય સરકારે હાથ ધરી છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારના વિવિધ વિભાગો દ્વારા યોજનાઓ અમલમાં મુકવામાં આવેલી છે. આ યોજનાઓનું જિલ્લામાં અસરકારક અમલીકરણ થાય અને જિલ્લા તાલુકાનું વહવટીતંત્ર ગતિશીલ બને અને વિકાસ કાર્યો અંગે જિલ્લા તંત્રને માર્ગદર્શન આપવા માટે રાજય સરકાર દ્વારા દરેક જિલ્લામાં જિલ્લા પ્રભારી સચિવોની નિમણુંકો કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ જિલ્લા પ્રભારી સચિવોએ મહિનામાં ચાર વાર પ્રભારી જિલ્લાની મુલાકાત લઈને જિલ્લામાં થયેલા વિકાસ કામો અને યોજનાઓના અમલીકરણ અંગેની કામગીરીની સમીક્ષા કરવાની હોય છે અને તેમાં રહેતી ત્રુટીઓ અંગે જિલ્લા તંત્રને માર્ગદર્શન આપીને આ ત્રુટીઓ દૂર કરવાના પગલા સૂચવવાના હોય છે.

જો કે જિલ્લા પ્રભારી સચિવોની કામગીરી તેઓ અસરકારક રીતે નિભાવે છે કે નહી તે અંગેની હાલમાં કોઈ જ મોનીટરીંગ વ્યવસ્થા અમલી નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં એક ઉચ્ચકક્ષાની બેઠક મળી હતી જેમાં રાજયના મુખ્ય સચિવે કૃષિ અને સહકાર વિભાગ દ્વારા આઈડબલ્યુડીએમએસમાં જે રીતે ફલેગશીપ યોજનાના મોનીટરીંગ માટે એક સોફટવેર અપલોડ કરવામાં આવ્યું છે તે જ ધોરણે પ્રભારી સચિવશ્રીની કામગીરી માટે પણ શકય હોય તો આવું સોફટવેર વિકસાવવાનું સૂચન કરવામાં આવ્યું હતું.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ સૂચનાને પગલે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રભારી સચિવની કામગીરીનું મોનીટરીંગ કરી શકાય તે પ્રકારનું સોફટવેર વિકસાવવાની દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. થોડા સમય અગાઉ જિલ્લા પ્રભારી સચિવોને છેલ્લા બે વર્ષ દરમિયાન કરવામાં આવેલ કામગીરી અંગેનું પ્રેઝન્ટેશન તૈયાર કરીને મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવા માટેની સૂચનાઓ આપી હતી.



જિલ્લા ભરમાં કેવડા ત્રીજના વ્રતની મહિલાઓ દ્વારા ઉજવણી કરાઈ હતી. માત્ર ભાદરવા સુદ-૩ના દિવસે જ એટલે કે વર્ષમાં ફક્ત એક જવાર ભોળા નાથ કેવડાનું પુષ્પ ધરાવાય છે. જે અંતર્ગત વ્રત ધારી બહેનો દ્વારા કેવડા ત્રીજના વ્રત નિમિત્તે વિવિધ શિવ મંદિરોમાં જઈ શિવની અનન્ય ભાવે સેવા પુજા કરી તેમની મનોકામના પૂર્ણ થાય તેવા આશિષ ભોળાનાથ પાસે માંગ્યા હતા. જેમાં વડગામમાં પણ આ વ્રત નિમિત્તે મહિલાઓ દ્વારા શિવનું પુજન અર્ચન કરાયું હતું. (તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

# ચિક્નગુનિયા અને ડેન્ગ્યુના કેસોમાં ચિંતાજનક વધારો

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોનસૂનની સિઝનમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગ પર મોટા ભાગે અંકુશ મુકવામાં આવ્યો હોવાનો દાવો તંત્ર દ્વારા કરવામાં આવ્યો હોવા છતાં ઓગસ્ટ અને સપ્ટેમ્બરના મહિનામાં જુદા જુદા વાઈરલ રોગોના કેસોમાં કોઈ ઘટાડો થયો નથી. નાગરિક સત્તાવાળાઓ દ્વારા ચોક્કસપણે તકેદારી લેવામાં આવી છે સાથે સાથે શહેરભરમાંથી જુદાજુદા નમુનાઓ પણ વધુ પ્રમાણમાં લેવામાં આવ્યા છે. ઓગસ્ટના આંકડા પર જ નજર કરવામાં આવે તો મલેરિયા અને ફાલસીપારમના કેસોમાં ચોક્કસપણે ઘટાડો કરવામાં તંત્રને સફળતા હાથ લાગી છે પરંતુ ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસોમાં ચિંતાજનકરીતે વધારો થયો છે.

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

**Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles**
**Aquart | Wall Cladding | Marble Stone * Quartz**

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સકલુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન